# -: પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર :-

## -: Important notes only :-

Page No. ____ Date ____

Q. ક્યારે પણ જ્ઞાન થાય તે પ્રમાણ / અપ્રમાણ?

— જે જ્ઞાન પછી જે અર્થક્રિયા ઇચ્છો તે પ્રાપ્ત થાય તે જ પ્રમાણ. Eg. દૂર જલ જોયું → ગયા → જલ પીધા દ્વારા તૃષાશમન થયું તો પ્રમાણ. જ્ઞાનમાં પ્રામાણ્ય / અપ્રામાણ્ય બે હોય.

Q. જ્ઞાનમાં પ્રકાશત્વ શું છે?

A. જ્ઞાન થયું હોય તો પ્રકાશ કરે જ ભલે તે N વિષયમાં ખોટું હોય. સાચું કે ખોટું પ્રકાશકત્વ સ્વતઃ જ છે.

Q. તો પ્રામાણ્ય શું છે & અપ્રામાણ્ય શું છે?

— પ્રામાણ્ય = તદ્વતિ તત્પ્રકારકં ; અપ્રામાણ્ય - તદભાવવતિ તત્પ્રકારકં

Q. જ્ઞાનમાં અધ્યવસાયત્વ શું છે?

A. તદભાવ અપ્રકારકો તત્પ્રકારક નિશ્ચય: અધ્યવસાય: જે જ્ઞાનમાં કોઈ પણ ધર્મ પ્રકાર હોવો જોઈએ, અને તદભાવ ધર્મ પ્રકાર ન હોવો જોઈએ. ભલે તે જ્ઞાન યથાર્થ / અયથાર્થ કંઈ પણ હોય.

Eg શુક્તિમાં ઇદં રજતમ્, અયથાર્થ જ્ઞાનમાં પણ અધ્યવસાયત્વ છે.

અધ્યવસાય = સંશય વિરોધી જ્ઞાન વિશેષ છે. = નિશ્ચય છે. તે સંવાદિ અથવા વિસંવાદિ પ્રવૃત્તિ જનક છે. મળે કે ન મળે પણ એકવાર તમે જશો. અધ્યવસાય તે સ્વસંવેદન છે.

— પ્રામાણ્ય - જ્ઞાન N યથાર્થત્વ છે. તદ્વતિ તત્પ્રકારકત્વં ઘટત્વવત માં ઘટત્વ પ્રકારક જ્ઞાન માં જ પ્રામાણ્ય તે યથાર્થ જ્ઞાનમાં જ રહે (પ્રામાણ્ય), તે પ્રામાણ્ય જો બોધ સંવાદિ પ્રવૃત્તિ માત્ર જનક છે.

* પ્રામાણ્ય ની ઉત્પત્તિ :-

જ્યારે ચક્ષુસંયોગ આદિ દ્વારા જ્ઞાન થાય છે, તો તેમાં પ્રામાણ્ય / અપ્રામાણ્યની ઉત્પત્તિ કેવી રીતે? જો અર્થક્રિયા દ્વારા માનો તો, ઉત્પત્તિ = કાર્ય પહેલા કે કારણ પછી? એવું કેવી રીતે બને?

• જ્ઞપ્તિ = < સ્વતઃ / પરતઃ

(1) અભ્યાસ દશામાં - (સ્વતઃ) :- અભ્યાસ દશામાં જ્ઞાનનું સંવેદન કરતાં સમયે તેના પ્રામાણ્યનું સંવેદન થાય કે નહીં? શું તમને શંકા છે કે મારું જ્ઞાન સાચું છે કે ખોટું? ના, તેથી જે સમયે જ્ઞાનાંશ ગ્રહણ થાય તેજ સમયે પ્રામાણ્યાંશ નું ગ્રહણ થાય છે. Eg. હું ઘટજ્ઞાન વાળો છું - પ્રામાણ્યજ્ઞાન વાળો છું ; આમ યુગપદ્ જ્ઞાન & પ્રામાણ્ય નું ગ્રહણ થાય છે.

(2) અનભ્યાસ દશામાં (પરતઃ) :- દૂર Pepsi નું ઢાંકણું → સિક્કો લાગે → શંકા લાગે

સિક્કા તરીકે જ્ઞાનાંશ નું ગ્રહણ થયું. પણ પ્રામાણ્યનું ગ્રહણ ન થયું. ભલે, સિક્કો લાગે પણ પ્રામાણ્ય નું ગ્રહણ તો ન થયું. જ્યારે નજીક ગયા, ત્યારે સંશય દૂર થયો - પ્રામાણ્ય આવ્યું. તો જ્ઞપ્તિ પરતઃ થઈ

J.Q. સાચું દેખાય છે કે પ્રામાણ્ય ગુણ & અપ્રામાણ્ય → દોષ દ્વારા ઉત્પન્ન થાય છે, તો તમે વાસ્તવિકતાથી કેમ દૂર જાઓ છો? જો બધું જ્ઞાન પ્રામાણિક તો પ્રવૃત્તિ કેમ ભિન્ન - ભિન્ન? એકથી સફળ & બીજાથી વિફળ?

વિફલ પ્રવૃત્તિ પ્રત્યે અયથાર્થત્વ જ કારણ, સફળ પ્રતિ = યથાર્થત્વ.

મિથ્યા ~~જ્ઞાન~~ (પ્રવૃત્તિ) થયું તેથી ખોટું જ્ઞાન જ કારણ છે.

M. ના, જ્ઞાન ખોટું નથી, પણ જે જ્ઞાનમાં ભેદ અગ્રહ જ વિફલ પ્રવૃત્તિ જનક છે. જ્ઞાનમાં અપ્રામાણિકતા નથી. જ્ઞાન તો દીપકવત્ છે, એ કંઈ શુક્તિ ને રજત નથી બનાવતો. જ્ઞાન તેમ યુક્ત હોય જ નહીં.

Page No.
Date

પ્રામાણ્ય ની ઉત્પત્તિ & જ્ઞપ્તિ = સ્વતઃ ; અપ્રામાણ્યની = પરતઃ

VD/M → J. જ્ઞાન તો Neutral છે. Eg. પાણીમાં કોઈ સ્વાદ નથી, મીઠું નાંખો તો ખારું, ખાંડ નાંખો તો મીઠું. જેવી સામગ્રી તેવું જ્ઞાન. જો ગુણનો યોગ તો પ્રામાણ્ય, & દોષનો યોગ તો અપ્રામાણ્ય. ઇન્દ્રિય તો જ્ઞાન માત્રની ઉત્પત્તિમાં કારણ છે. પક્ષપાતી નથી. ગુણ/દોષ ના હોય તો ઇન્દ્રિય તટસ્થ.

પરતઃ પ્રામાણ્યવાદી → પ્રથમજ્ઞાનને બીજું જ્ઞાન વ્યવસ્થિત કરે.

B/J/N → તો અભ્યાસદશામાં તમે પણ સ્વતઃ માનો જ છો (જ્ઞપ્તિ), તો અનભ્યાસ દશામાં પણ માની લો?

M → J. અર્થક્રિયા જ્ઞાન પોતાના સ્વભાવથી જ, સ્વરૂપથી જ નિશ્ચિત થાય છે. તે પોતાની વ્યવસ્થા ખુદ કરવા સમર્થ છે. દા.ત. જલપીધું તો શંકા ન થાય કે તૃષાશમન થયું કે નહિં.

Q. તો પ્રથમ જ્ઞાન દ્વારા બીજાની વ્યવસ્થા કેમ નહિં?

A. પ્રથમ જ્ઞાન → સંવાદ્ય = મંદ સામગ્રી છે (દૂર છે), બીજું જ્ઞાન = સંવાદક (તેજસ્વી સામગ્રી છે)

— જેનાથી પ્રમા જણાય, તે પ્રમાણ. અનેક = સાધન = કરણ અર્થમાં.

એટલે કે યથાર્થ જ્ઞાન નું સાધન.

N/VI → ટેબલ ના જ્ઞાન પ્રતિ સાધકતમ કારણ = ચક્ષુ ∴ ચક્ષુ = પ્રમાણ. But તે જડ છે.

કોઈ વાક્યાર્થ પ્રતિ " " = પદજ્ઞાન ; પદજ્ઞાન = ચેતન છે.

પદજ્ઞાન પ્રતિ શ્રોત તે કારણ છે = શ્રોત = " "

∴ N ના મતે જડ/ચેતન જે પણ હોય પ્રમા જનક હોય તે પ્રમાણ.

J. જ્ઞાન જ પ્રમાણ છે. જડ ક્યારેય પ્રમાણ ન બની શકે.

N ઘટ જ્ઞાન પ્રતિ ચક્ષુ સાધકતમ છે, તો કેમ પ્રમાણ ન બને?

J. ચક્ષુ સાધકતમ નથી. Eg. તમારી માતા તમારી નિકટતમ છે? ના, તમે જ તમારી અત્યંત નિકટ. તેથી ઘણીવાર અજ્ઞાની ને ઘટ સામે પડ્યો હોય, ચક્ષુ પણ છે, તો પણ ઘટ જ્ઞાન નથી થતું. અને ઘટ જ્ઞાન, તે ઘટ ને જણાવ્યા વિના ન રહે.

∴ ઘટજ્ઞાન પ્રતિ ઘટજ્ઞાન જ પ્રમાણ છે.

= " સ્વપર વ્યવસાયિ જ્ઞાનં પ્રમાણમ્ " —

N. એક જ વસ્તુ પ્રકાશક & પ્રકાશ્ય બન્ને ન બની શકે. Eg. ચૈત્ર ગ્રામં ગચ્છતિ
કર્તૃત્વ . કર્મત્વ → આ બે વિરુદ્ધ ધર્મ છે, તે એકમાં ન રહી શકે.

તેથી જ્ઞાન એ સ્વપ્રકાશક માનો તો કર્તા - કર્મ એક જ બને તે ઠીક નથી.

તેથી, ચૈત્રઃ સ્વં ગચ્છતિ - આવો પ્રયોગ થવો જોઈએ. તેથી તે પરવ્યવસાયી જ છે.

J. જે જ્ઞાન પોતે અંધારામાં જણાતું નથી તો પરને કેવી રીતે જણાવશે?

N. ઘટ જ્ઞાન — અનન્તર — ઘટજ્ઞાનવાન અહં
↓ વ્યવસાય જ્ઞાન ↓ વિષયનો પ્રકાશક
↓ અનુવ્યવસાય જ્ઞાન ↓ જ્ઞાન નો પ્રકાશક છે.

Page No.
Date

Q. તો આગળ- આગળ ચાલશે તો અનવસ્થા જ થશે ?

A ના, એની આગળ જિજ્ઞાસા જ નથી રહેતી, તૃપ્તિ થઈ જાય છે. તેથી ધ્રુવ જ્ઞાન અપ્રકાશિત હોવાથી દોષ નથી. આમ N મતે જ્ઞાન કેવળ પરપ્રકાશક છે.

* વ્યાપ્તિ જ્ઞાન વ્યાપ્તિ અંશમાં પ્રમાણ છે, તે અનુમિતિ કરવામાં સહાયક બને છે.


Eg. લઘુવામાં અધ્યાપક ટ્રસ્ટી → ઉપકારી.
↓ સાક્ષાત ↓ પરંપરા

\- J ના મતે ઘટજ્ઞાન જ પ્રમાણ છે, પ્રમા & પ્રમાણ વચ્ચે ભેદ નહિ રહે ?

A. N ના " સાધ્ય/સાધન નો એકાંતે ભેદ હોય. J. ના મતે કથંચિત ભેદાભેદ છે.

B ના " પ્રકાશન અંશમાં આવે તે પ્રમાણ, અધ્યવસાય અંશમાં આવે તે પ્રમા.

∴ Diagram,




\- લક્ષણ ( વ્યાવૃત્તિ વ્યવહારો વા લક્ષણસ્ય પ્રયોજનં )
↓
પ્રયોજન
(1) ઈતરવ્યાવૃત્તિ (2) વ્યવહાર

Eg. અયં કેવલી ઘાતીકર્મક્ષયવાન
કેવલી સ્વઇતરભિન્ન : ઘાતીકર્મક્ષયાત
↓ લક્ષ્ય ↓ પ્રયોજન = વ્યાવૃત્તિ = સ્વઈતરભેદ સાધ્ય ↓ લક્ષણ = હેતુ.
↓ પક્ષ

\- ઘા.ત. પૃથ્વી ઇતરભિન્ના રૂપવત્વાત , પણ આ હેતુથી ઈતર ની વ્યાવૃત્તિ થતી નથી, તેથી હેતુ વ્યભિચાર દોષથી દુષ્ટ છે. કારણ રૂપવત્વ ↓ જલમાં છે. , તેથી અનુમાનમાં વ્યાપ્તિજ્ઞાન નહિં થાય.

કારણ વ્યભિચાર = વ્યાપ્તિજ્ઞાન નો પ્રતિબંધક તેથી ન થવા દે.

(2) નીલવત્વં પૃથ્વી – પૃથ્વી સ્વતરભેદવતી નીલત્વાત , અહીં હેતુ ભાગાસિદ્ધ = (પક્ષના એકભાગમાં નરહે) તેથી દોષવાળો છે. (સ્વરૂપાસિદ્ધ ના ૫ પ્રકારમાંનો એક)

(3) શબ્દવત્વં પૃથ્વી – પૃથ્વી સ્વતરભેદવતી શબ્દવત્વાત – સ્વરૂપાસિદ્ધિ દોષ છે. (હેતુ પક્ષમાં નથી રહેતો)

\- સ્વ- પર વ્યવસાયિ જ્ઞાનં પ્રમાણમ્ – જ્ઞાનપદ ન લખીએ તો ?

B. નિર્વિકલ્પ જ્ઞાન તે પર = સ્વલક્ષણ એવી ક્ષણને બતાવે તથા સ્વ = જ્ઞાનાંશ ને પણ બતાવે.

ઘટ ઘટ ઘટ ઘટ
1લી ક્ષણ પરંપરા ની ક્ષણ = સંતતિ = સવિકલ્પ જ્ઞાન
નિર્વિકલ્પ જ્ઞાન તે ગ્રાહ્ય = છે. ✓
↓ પણ ગ્રાહક નથી.
નિશ્ચયાત્મક ગ્રાહક = ✓
ગ્રાહ્ય = ×. પરંપરા ગ્રાહ્ય થાય.
↓
ક્ષણિકવાદ માટે 1ક્ષણ ગ્રાહ્ય ન બને, ક્ષણમાં નાશ થાય.

Page No. | Date

મણિ પ્રભા → મણિમાની પ્રવૃત્તિ → મણિ મળી. મણી નું જ્ઞાન, સંવાદિ.

Eg. પણ દિપશિખા માં મણિ બુધ્ધિ કરો તો અયર્થાર્થ છે. ભ્રમ છે મણી ન મળે તો વિસંવાદિ છે

નિર્વિકલ્પ જ્ઞાન જ પ્રમાણ છે. વાસ્તવિક સ્વરૂપને જણાવે છે. સવિકલ્પ જ્ઞાન તો કલ્પનાભુત છે.

– B
તમારા મગજમાં જે વસ્તુની Image છે, તેનાથી જ તેને જાણો છો. પણ તેના મુળ સ્વરૂપને નથી જાણતા.

જે અધ્યવસેય નથી, તે પ્રવર્તક કેવી રીતે? જે પ્રવર્તક નથી તે પ્રમાણ કેવી રીતે?

J. વૈદિક ના 5 પ્રકારમાંથી વેદાંતી & બૌધ્ધ 4 માંથી વિજ્ઞાનવાદી પર પદાર્થ ની સત્તા માનતા નથી.

– ખંડન કરવા "પર" શબ્દ લખ્યો છે.

"સ્વ" દ્વારા 3 મતનું ખંડન:-

– મિમાંસક :-
  પ્રભાકર → જૈન જેવો ઘટ જ્ઞાન < સ્વ / પર } પ્રકાશક.
  ભટ્ટ → માત્ર પર પ્રકાશક જ છે.

→ ભટ્ટ:- કોઇ પણ વસ્તુને જાણવા માટે દૂરી જોઈએ. જ્ઞાન તો અંદર જ છે. તે સીધું ન જણાય.
ઘટ જ્ઞાનવાનોઽહં તે બોધ કેવી રીતે થાય?

જ્યારે કોઈ વસ્તુને જાણીએ ત્યારે તે જ્ઞાત બને છે. તેમાં જ્ઞાતતા આવે છે. તે જ્ઞાતતા ને

→ બનાવી અનુમાન કરીએ છીએ. પણ direct ઘટજ્ઞાન નું સાક્ષાત્કાર થતું નથી. પણ જ્ઞાની
જ્ઞાતતા તો અનુપપન્ન છે. આમ અન્યથા અનુપપન્ન થવાથી જ્ઞાતતા દ્વારા જ્ઞાન અનુમેય છે.

જ્ઞાન અતિન્દ્રિય છે. પણ પુણ્ય, સંસ્કારાદિ પણ અનુમેય છે તદ્વત્ ।

ની માન્યતા આ સુત્રમાં જ આગળ કહી છે. જ્ઞાનાન્તર દ્વારા પ્રકાશિત થાય છે. !.

(2) N
નથી.

(3) અચેતનજ્ઞાનવાદી.
  સાંખ્ય < આત્મા ① → ચેતન → કૂટસ્થનિત્ય → અપરિણામી
  ↓
  ચિત્ત ② = બુધ્ધિ = પરિણામી

Q. – જો આત્મામાં પરિણમન નથી, તો જ્ઞાન કેવી રીતે થાય?
જ્ઞાન અને આત્માનો કંથચિત અભેદ છે. જ્ઞાન તો ઘટાકાર, પટાકાર ઇત્યાદિ પુર્વ પર્યાય ને

A કરી નવા પર્યાયને પામે છે. તેથી આત્મામાં પણ પરિણમન માનવું પડશે.

ના, ચિત્ત એ જડ છે. એ જ ઘટાકાર, પટાકાર રૂપ બને.

→ સત્વ/રજસ/તમસ સ્વરૂપ વૃત્તિ છે તેમાં પરિણામ ✓ પ્રકાશન - ×
આત્મા - × " ✓

પંગુવત પરસ્પર depend છે. Eg. પાણીનું પાત્રનું સાથે આકાર બદલાય તેમ, ચિત્ત પણ
ઇન્દ્રિય ના માધ્યમે બહાર નીકળી વિષયાકાર ને પ્રાપ્ત કરે છે અને તે જ વૃત્તિ. આત્મા તો બ
ચિત્તમાં આકાર પડે છે & તે મલિન છે. પણ આત્મામાં કોઈ મલિનતા નથી. તો બધું
શાનો? માત્ર માન્યતા સુધારો. N. જે બુધ્ધાદિ આત્મામાં માને છે S. તેને ચિત્તનો
માને. જ્યારે N/J આત્માને મલિન માને. તે સંસ્કારિત કરવાની જરૂર છે. તેથી જ

કર્મગ્રંથાદિ રચાયાં છે.

S. જડ જડ માં પણ ફરક છે. Eg. ઓમ્ જડ → પ્રકાશન શીલ ✓ } આમ, ચિત્તવૃત્તિ પરપ્રકાશની
દિવાલ " → " " × } શીલ છે, પણ સ્વપ્રકાશક નથી.

જે ચિત્તવૃત્તિ છે તેમાં જ્ઞાન ઉપચારમાત્ર છે. જ્ઞાન ની અભિવ્યક્તિમાં અત્યંત ઉપકારક છે.
આત્મામાં ચેતન અંશ જ જ્ઞાન છે. આમ વૃત્તિ અર્થાકાર લાવી શકે પણ પ્રકાશ શક્તિ નથી. અને
આત્મા અર્થાકાર સ્વરૂપે ન બની શકે.

N → વિષય આવે તો જ જ્ઞાન થાય, સવિકલ્પક જ્ઞાન. J - નિર્વિકલ્પક જ્ઞાન માને. વિષય હોય કે ન
હોય જ્ઞાનનો તો સ્વભાવ જ પ્રકાશન છે. (સુર્યવત્). S. જો આત્મા વિભુ & ચેતન માનશો તો, તો
એક જ સમયમાં બધાનું પ્રકાશન થવાની આપત્તિ આવે.

∴ S. સ્વરૂપથી યોગ્યતા માનશો, પણ ચિત્ત વૃત્તિ દ્વારા જ પ્રકાશન કરી શકે.
ચેતન હોવા છતાં direct પ્રકાશન નથી. તે ઔચિત્ય છે.

N. જેમ વિભુ હોવા છતાં આંખ ના માધ્યમે જ્ઞાન થાય છે. Eg. રાજાની શક્તિ અપાર હોવા છતાં કામ તો
મંત્રી દ્વારા જ થાય છે, તેમ આત્માની શક્તિ વ્યાપક છે છતાં તે વૃત્તિથી બંધાયેલ છે. N/J આત્મામાં
જ્ઞાન માને. S. ચિત્ત = જડમાં માને. આ ત્રણ મતના ખંડન માટે "સ્વ" પદ મુક્યું હતું.

B ના 4 મતો છે:- (1) વૈભાષિક - જડ અને જ્ઞાન બંને સત છે. નિરાકારવાદી છે.
(2) સૌત્રાન્તિક - જડ " " ન માને, બાહ્યનું પ્રત્યક્ષ ન માને. અનુમેય
માને. Eg કોઈ વ્યક્તિને આપણી અપધારણાથી જ જાણીએ, વ્યક્તિને નહીં, દર્પણમાં પ્રતિબિંબ દેખાય
બિંબ નહીં, ઘટદ્વારા ચિત્તવૃત્તિ થઈ અને તેનું પ્રત્યક્ષ થાય છે. સાકાર જ્ઞાનવાદી.
(3) વિજ્ઞાનવાદી (યોગાચાર) :- ! જેનું પ્રત્યક્ષ જ નથી તો પદાર્થ કેમ માનો? !
(4) શુન્યવાદી :- જ્ઞાન/પદાર્થ કશું જ નથી. Q. પ્રમાણાધીન પ્રમેયની સિદ્ધિ તો થાય ને?
વિજ્ઞાનવાદી તો પ્રમાણ ની સિદ્ધિ કોનાથી? જો પ્રમાણાન્તરથી તો અનવસ્થા આવશે. & તે જ પ્રમાણથી તો
આત્માશ્રય દોષ. પ્રમાણ જ નથી તો પ્રમાણથી જન્ય પ્રમેયજ્ઞાન & પ્રમાણનો આશ્રય પ્રમાતા,

∴ સર્વશુન્યતા સિદ્ધ થઈ.

## 2 પરિચ્છેદ -

→ પ્રમાણ - 6, એમાં Basic 3 :- (1) પ્રત્યક્ષ (2) અનુમાન (3) શબ્દ,
તે 3 માનવા compulsory છે. ∵ કોઈ વાત પ્રત્યક્ષ થી સિદ્ધ ન થાય, તો અનુમાનથી, ન થાય
તો શબ્દથી. પ્રાયઃ 3 નો અપલાપ ચાર્વાક/બૌદ્ધ સિવાય કોઈ ન કરે. બીજા કદાચ અધિક
માનશે, પણ 3 નો અપલાપ તો ન કરે. લૌકિક જીવન પણ 3 ઉપર નિર્ભર છે.

Q. ચાર્વાક અનુમાન ન માને? કેમ?

A. તેને ડર છે, અનુમાન ને પ્રમાણ માની તો આસ્તિક તેના દ્વારા મોક્ષ/કર્મસિદ્ધાંત સર્વ વસ્તુ
સિદ્ધ કરે. તેથી અનુમાન પ્રમાણ જ ન માને. & જો શબ્દ પ્રમાણ માને તો સ્વઆગમથી
સિદ્ધિ બતાવે. મોક્ષાદિ ન માનવા માટે અનુમાન & શબ્દ ને પ્રમાણ સ્વરૂપ ન માને.

Page No.
Date

અનુમાનકવિષય: અસ્પષ્ટ ; અંતર પ્રત્યક્ષ :- સ્પષ્ટ.

સ્પષ્ટતા ને પ્રમાણનું લક્ષણ છે.

- સ્પષ્ટતા ની જે વ્યાખ્યા ન કરો, તો નજીકની વ્યક્તિ ને જેટલું સ્પષ્ટ પ્રત્યક્ષ થાય તેવું દૂરવર્તી ને સ્પ

• નહીં દેખાય, તો તે પ્રત્યક્ષ નહીં કહેવાય? શું માનવું પ્રત્યક્ષ કે નહીં? કોઈ માપદંડ નક્કી છે?

A. તેમે જે આપસમાં પ્રત્યક્ષની અપેક્ષાએ સ્પષ્ટતા બતાવી તે નહીં, પણ અનુમાનાદિ ની અપેક્ષાએ બધાં જ પ્રત્યક્ષ સ્પષ્ટ જ છે. તેથી અનુમાનાદિ થી અધિક વિષયવાળા છે.

કેવળ વ્યવહાર ઉપયોગી = સાંવ્યાવહારિક પ્રત્યક્ષ & નિશ્ચય પ્રત્યક્ષ = પારમાર્થિક.

- V.D. "બ્રહ્મ સત્ જગત મિથ્યા" તેની વ્યવહાર સત્તા છે. તેનું જ્ઞાન તે સાંવ્યાવહારિક પ્ર સત્ નું જ્ઞાન પારમાર્થિક છે. નિશ્ચયથી તો કેવળ/મન/અવધિ જ પ્રત્યક્ષ છે. તે તો આત્મા સાથે direct connection છે. ચક્ષુ પ્રત્યક્ષમાં તો ઈન્દ્રિયનો સહારો છે.

Eg. ચક્ષુથી ઘટં પશ્યામિ - ઈત્યાદિ વ્યવહાર થાય છે, તે સાંવ્યાવહારિક પ્ર પણ તે અપારમાર્થિક છે. તો તેમાં "અપારમાર્થત્વ" શું છે? સાક્ષાત્કારિત્વાભાવ - જેનો સાક્ષાત્ થાય તે જ પ્રત્યક્ષ.

- જે દૂર છે/ભિન્ન છે, જે પોતાનું સ્વરૂપ નથી, તેનો સાક્ષાત્કાર ન થાય, તો ઘટનું પ્રત્યક્ષ કે તેમાં પરોક્ષતા જ છે, ઘટ મારું સ્વરૂપ નથી. (કદાચ એવું બને કે બાહ્ય પદાર્થ નું આકાર ગ્રહ કર્યો, & તેનો ઘટ સાથે અભેદ થયો, & આકારનો અનુભવ થાય છે, તેનો પરંપરાએ સાક્ષાત્કાર માની પ્રત્યક્ષ બોલાય. તે વ્યવહારિક પ્રત્યક્ષ છે, & જ્ઞાનાદિ 3 તે પારમાર્થિક છે.

Q. ચક્ષુ જ્ઞાનમાં પણ મનજન્ય જ છે. તો વિભાગ કેવી રીતે કરશો?

A. દરેક જ્ઞાનમાં મન Supporter છે. અનુમાનાદિ માં પણ supporter તો છે જ. પણ મુખ્યત ચક્ષુ જ્ઞાનમાં મન સહકારી છે. અત એવ ચક્ષુથી ઘટં પશ્યામિ. આવો પ્રયોગ થાય, તથા કોઈ ઈષ્ટ ને જોઈને મને સુખ નો બોધ થાય. સુખ ના જ્ઞાનમાં ચક્ષુ સહકારી નથી. બધાને તે વસ્તુને જોઈને સુખની પ્રતીતિ થતી નથી પણ મને જ થઈ કારણ મારા mind એ decide કર્યું. આમ આ વિભાગ સર્વથા પૃથગ્ નથી. અરસપરસ પ્રવેશ પણ છે. -

S/VD. મન, ચિત્ત, બુદ્ધિ, ~~અહંકાર~~ અહંકાર. — 4 ઉપકરણો માને.

J. મન જ ચિત્ત, સંકલ્પ/વિકલ્પ, અહંકાર વિ.. કરે છે. Eg. કોઈક એક જ વ્યક્તિ 4 કામ તો 4 સંજ્ઞા પડાય તેમ.. જો કાર્યભેદે કારણભેદ માનશો, તો સુખ, રાગાદિ ભિન્ન કાર્ય અલગ માનવા પડશે.

Q. જો અનુમાન ન માને તો વહ્નિ ની ધૂમ દ્વારા અનુમિતિ થાય છે. તેને શું કહેશે?

A. પારમાર્થિક અનુમાન ભલે ન માને, પણ લૌકિક અનુમાન તો માને જ છે. તેથી એકાન્તે અ નિષેધ નથી. પણ N જે વિશેષ અવયવી સ્વરૂપ માને છે ઈત્યાદિ પ્રક્રિયા અપનાવે નથી. અનુમાન વખતે પણ પક્ષ, સપક્ષ, ઉપનય, અન્વય વ્યાપ્તિ ઈત્યાદિ થતું નથી direct અનુમિતિ થાય, તેથી શાસ્ત્રીય પદ્ધતિમાં વ્યા. ને રસ નથી.

Page No.
Date

ઘટ જ્ઞાન ઈત્યાદિ પ્રામાણિક કેમ?

B.G. તે ઘટ વસ્તુથી ઉદ્ભૂત = ઘટ રૂપી સ્વલક્ષણથી જન્ય છે.

A-(1)

(2) શુક્તિમાં રજતજ્ઞાન અપ્રામાણિક છે. ∵ તે વિકલ્પથી ઉદ્ભૂત છે. શુક્તિમાં રજકાર દેખી વિકલ્પનું જ્ઞાન થાય. તે વસ્તુ દ્વારા ઉત્થિત નથી.

અનુમાન - ધુમ દ્વારા વ. જ્ઞાન થાય તે ઉત્થિત નથી. ધુ. વસ્તુથી તો ધુ. જ્ઞાન ઉત્થિત છે. તેથી ક્ષણિકતમાં વસ્તુ ઉત્થિત વ. જ્ઞાન નથી. ધુમ જોઈ મનમાં વહ્નિ ની કલ્પના કરી. તે વિકલ્પજન્ય છે. પણ સ્વલક્ષણથી જન્ય નથી. જ્યારે વહ્નિ ની સાથે જોડા & તેની તાપ, વિકરાળતા જુઓ તે જ સ્વલક્ષણજન્ય ભલે, અનુમાન જ્ઞાન યથાર્થ છે, પણ વિકલ્પજન્ય છે.

– અન્યદાર્શનિકો તો પ્રત્યક્ષ દ્વારા જે વિષય ગૃહિત થાય, અનુમાનથી તે જ ગૃહિત થાય.

∴ અનુમાન કરીને જે લેવા જઈએ તો તે જ વહ્નિ મળે છે. અનુમાનથી જે વહ્નિ જણાય તે જ પ્રત્યક્ષ દ્વારા પણ જણાય. અલગ[2] નથી.

B. આ બેયને અલગ[2] જ માને ∵ અનુમાનથી જે વહ્નિ દેખાય તે વાસ્તવિક નથી. વિકલ્પ ઉદ્ભૂત છે. વિકલ્પ અતાત્વિક છે. સ્વલક્ષણ જ પરમાર્થ સત્ છે. તાત્વિક છે.

Q. જો અનુમાન જ્ઞાન વિકલ્પજન્ય છે, પરમાર્થ સત્ ન બનાવે, તો તે પ્રમાણ તરીકે B. કેમ માને? ન માનવું જોઈએ.

A ભલે, અનુ. જ્ઞાન વિકલ્પ ઉદ્ભૂત હોય, છતાં વ. જ્ઞાન નું જોડાણ ધુ. જ્ઞાન સાથે & ધુ. જ્ઞાન સ્વલક્ષણ ઉદ્ભૂત છે. ધુ. સ્વલક્ષણ નું જ્ઞાન વહ્નિ વિના તો ન જ થાય. તેથી વ. જ્ઞાન સાધન અંશમાં ભલે અપ્રમાણ પણ પ્રાપક અંશમાં પ્રમાણ.

– B. ના મતે સામાન્યાકાર વસ્તુ છે નથી. V.D. ના મતે વિશેષાકાર વસ્તુ છે નથી. તેનું ખંડન કરવા સામાન્ય/વિશેષ ઉભયાત્મક વસ્તુ. જેટલા અંશે વિશેષ સત છે, તેટલા જ અંશે સામાન્ય સત

B માં સવિકલ્પ જ્ઞાન સંતતિ વિષયક = સામાન્ય વિષયક છે. & નિરાકાર જ્ઞાન.

સ્વલક્ષણ ગ્રાહી - વિશેષ છે. પહેલાં વિશેષ & પછી સામાન્ય.

J ના મતે પહેલાં સામાન્ય & પછી વિશેષ ગ્રાહી.

[1-8] → અવગૃહિત નો તત્ત્વ) નો અર્થ વિષયભૂત. Eg. જ્ઞાતઘટ → જ્ઞાન ના વિષયભૂત ઘટ.

અવગ્રહના વિષયભૂત અર્થમાં જે વિશેષ જાણવાની ઈચ્છા = ઈહા.

Eg. અવગ્રહના વિષયભૂત બ્રાહ્મણત્વ માં બ્રાહ્મણ ની અવાન્તર જાતિવિશેષ = "કાન્યકુબ્જ" હોવો જોઈએ. તેવી આકાંક્ષા/જિજ્ઞાસા = ઈહા.

2-9. જેમાં વિશેષ આકાંક્ષા થઈ તે ઈહાના વિષયમાં વિશેષ નો નિશ્ચય = અપાય. Eg. આ કાન્યકુબ્જ છે.

2-10. કરેલા નિશ્ચયની મનમાં ધારણા રાખવી. તે ધારણા.

– સંશય બુદ્ધિ જન્ય હોય છે & ઈહા = શાસ્ત્ર અર્થથી અનુકૂળ વિચારણા.

Eg. ઉપદેશ = સંસાર દુઃખ રૂપ છે. & મોક્ષ જ માર્ગ છે.

સર્કવાદી સંશય કરે :- શું ખરેખર સંસાર દુઃખરૂપ છે કે નહિં?

શ્રદ્ધાવાદી ઈહા :- સંસાર કઈ રીતે દુઃખરૂપ છે – શાસ્ત્રાનુકૂળ સંશય કરે.

Page No. Date

ઈહા થાય તો જ આગળ અપાયાદિ થાય. ક્યારેક સંસ્કારેલું પણ વાસનાપશ્ચાત ડગી જાય. Eg. દિક્ષા જ લેવા જેવી. તે નિશ્ચય કરી ધારણા બાદ પણ લીધા પછી અનુભૂતિ ન થવાથી, "સંસાર અંગાર છે, અહીં દુઃખ છે" ઈત્યાદિ વિચારણા લાંબી ધારણા ના અભાવે થાય. ધારણા હોત તો પૂર્વ અનુભૂતી હોત કે ભલે મને અનુભૂતિ નથી છતાં સંસાર તો દુઃખરૂપ જ છે. શાસ્ત્રાનુકૂળ તત્ત્વ ધારણા.

(2-12) A ↔ B (અભિન્ન)
અવગ્રહ ઈહા
↓ ↓ ) અભિન્ન
આત્મા
C

A તદ્અભિન્ન C તેનાથી અભિન્ન B.
તેથી અવગ્રહાદિ કથંચિત અભિન્ન છે, તો ભેદથી નિર્દેશ કેમ?

N. બે જ વિભાગ (1) નિર્વિકલ્પ જ્ઞાન (2) સવિકલ્પ જ્ઞાન.
↓ અવગ્રહ અનિશ્ચયાત્મક — નિશ્ચયાત્મક - ઈહા.

દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ બધું એક જ છે. આત્મા રૂપ જ છે. પણ પર્યાયાર્થિક નયે ભેદ છે.

એકાંત અભેદપક્ષ:- જો એકાંત અભેદ માનો, તો યુગપદ્ 6 પર્યાયો આત્મામાં થવા જોઈએ. જે કાલે અવગ્રહ નો પરિણામ હોય છે, તે કાલે ઈહાનો પરિણામ નથી.

એકાંત ભેદ પક્ષ:- અત્યંત ભેદ માનો તો જ્ઞાન રૂપ અનુગતતા ન રહે. વળી અવગ્રહાદિ ઉત્તર ઈહાદિનાં ઉત્પાદક પણ ન બને? અર્થાત અવગ્રહ ઈહાને જ કેમ ઉત્પન્ન કરે? ઘટને કેમ નહિં?

2-15 Ch- જ્ઞાન નૈમિત્તિક સ્વરૂપ છે, તેનો આશ્રય શરીર

N- " " " " " " આત્મા

જો અને અવાગુ પ્રત્યય અવાધિજ્ઞાન થાય છે. તે VD માં છે.

2-21 J

| તેવી રીતે રાજયોગ (ગુણ નથી) | હઠ યોગ (પુરુષાર્થ) |
|---|---|
| સાધક માટે શ્રેષ્ઠ | શરીર પ્રધાન |
| (1) મન પ્રધાન | (1) પ્રાણાયામાદિ વર જ પુરૂ બલ |
| (2) શરીરાદિ સાધન રૂપ છે. | (2) બાંકડસ મુદ્રા કરીને જ સિદ્ધિ મળે |
| (3) સેવા - ભક્તિથી સિદ્ધિ | (3) અધ્યાત્મ સાથે જોડાણ નથી |
| (4) અધ્યાત્મ અનુલક્ષી | (4) પૂજ્ય નથી |
| (5) પૂજ્ય | (5) રીસ્ક વધુ ક્યારેક પાગલ પણ કરી. |
| (6) પ્રાણાયામાદિ ગૌણ. | (6) |

(7) છાયા / અંધકાર - પૌદ્ગલિક, N મતે અભાવરૂપ છે.
J.

## ૩ પરિચ્છેદ.

પરોક્ષ → 1. તર્ક 2. પ્રત્યભિજ્ઞા 3. સ્મરણ 4. અનુમાન 5. આગમ.

પ્રત્યક્ષ, અનુમાન, આગમ 3 તે પ્રાય: બધા માને. તર્ક, પ્રત્યભિજ્ઞા, સ્મરણ ન માને.
↓ N ↓ B ↓ M.

N- અપર્યાય મિથ્યા:- સંશય, વિપર્યય, તર્ક - અપર્યાય છે.
યદિ વ. ન સ્યાત્ તર્હિ ધૂ. ન સ્યાત્ (વહ્નિ હોવા છતાં)
તદભાવવતિ ત્યાં તત્પ્રકારક જ્ઞાન તે અપર્યાય છે.

ભલે, ઇરછાથી આરોપણ કર્યું, દા.ત. ગુરુનાં ચરણકમળમાં, ભાવથી બોલો છો, પણ ચરણ કમળ રૂપે નથી બનતાં, તે અપર્યાય જ છે.

J- તર્ક પ્રમાણ:- પ્રમાણ નો ઉપપાદક હોવાથી. તર્ક જ વ્યભિચાર શંકા દૂર કરાવી વહ્નિ ની સિદ્ધિ કરાવે. સાધન અંશે નહિં, પણ ફલઅંશે તે પ્રમાણ છે. આ ભ્રમજ્ઞાનથી વિલક્ષણ છે.

B પ્રત્યભિજ્ઞામાં પૂર્વકાલીન દેશનો દ્રવ્યનો કાલ & દેશ સાથે અભેદ હોય તો જ બોલાય કે, સોડયં, દરેક ક્ષણ અલગ છે, તેથી 10 વર્ષ ની પૂર્વની વ્યક્તિ એક કેવી રીતે હોય? અત્યંત ભેદ છે.
B. (શુદ્ધ પર્યાયાર્થિક નય માને)

J. દ્રવ્યાર્થિક નયે દ્રવ્ય તો એક જ છે ને, ભલે પર્યાય ભિન્ન(2).
આમ J ના M/N/B મોટા વિરોધિ છે.
↓ યુક્તિવાદી પણ કેવી ભૂલ કરે.

M. "अनधिगत विषयकं ज्ञानं प्रमाणम्" - જે જાણેલી વસ્તુ જણાવે તેનું સ્મરણ કઈ રીતે પ્રમાણ?
પણ અજાણ ને જણાવે તે જ પ્રમાણ. સ્મૃતિમાં જે પૂર્વ દેશ/કાલ આવે તેથી અપ્રમાણ.

J. સ્મૃતિ:- < યથાર્થ ✓ પ્રમાણ. / અયથાર્થ
J/N - પ્રમા જણાવે તે પ્રમાણ ભલે અધિગત/અનધિગત.

Q. જો અનધિગત જ પ્રમાણ, તો પછી એકવાર જાણ્યા પછી બીજીવાર જેનું પ્રત્યક્ષ થાય તે પણ અપ્રમાણ જ કરશે. તેવી સ્મૃતિ જ નહિં પણ પ્રત્યક્ષ પણ અપ્રમાણ બનશે.

આમ 6 પરોક્ષ માનીને 3 મતનું ખંડન કર્યું.

Page No. | Date

## 4th પરિચ્છેદ :-

– સ્યાદ્ અસ્તિ, નાસ્તિ, અવક્તવ્ય એવ 3 ભાંગા સકલાદેશી છે. તે અખંડરૂપે વસ્તુ ને કહે છે. ત્યારે એક જ ધર્મની મુખ્યતા કરવામાં આવે છે.

Eg. ટેબલ સામે છે, છતાં મને Folding ટેબલ જોઈતુ હોય તો મારા માટે ટેબલ નાસ્તિ નો જ વિવક્ષા થઈ. & રાગ-દ્વેષ વિનાનો વ્યક્તિ ઔદાસીન ભાવથી લાકડાનુ ટેબલ અસ્તિ, ફોલ્ડીંગ નાસ્તિ = અસ્તિ/નાસ્તિ રૂપે જોશે = વિકલાદેશ.

– જ્યારે આંશિક રૂપે વસ્તુને જોશો, એકથી વધુ ધર્મની મુખ્યતાએ જોશો તો વિકલાદેશી. બધાં ધર્મો વસ્તુમાં વ્યાપીને રહ્યાં છે. છતાં એક જ ધર્મનુ કથન તે અખંડ રૂપે વસ્તુને જોવે છે.

એકથી વધુ ધર્મનું કથન તે અખંડ રૂપે = વિકલાદેશ.

### " 3 એવકાર ".

(1) અયોગ વ્યવચ્છેદ :- Eg. શંખ પાંડુર એવ – અહીં યત્ર (2) શંખત્વ તત્ર (2) પાંડુરત્વ

ને વ્યાપક ——— ઉદ્દેશ્યતા

પણ કમલ નીલ એવ – આવું ન બોલાય કારણ પીતાદિ પણ હોય છે.

(2) અન્યયોગ વ્યવચ્છેદ :- Eg. પાર્થ એવ ધનુર્ધર. અર્જુન થી ભીમાદિમાં ધનુ નો નિષેધ થાય છે. & અર્જુનમાં ધનુત્વ નો યોગ જણાય છે.

(3) અત્યંતયોગ વ્યવચ્છેદ :- (ક્રિયા સંગત) "નીલં સરોજં ભવતિ એવ" કમળમાં નીલત્વ નો સર્વથા અયોગ નથી. જેવો વાયુમાં છે. તેવો નથી. બધાં કમલ નીલ છે એવું નથી, પણ કોઈક છે. Eg. સૈંધવ પદની શક્યતા AK લવણત્વ & અશ્વત્વ બંને છે. તો ક્યારેક લવણત્વ અને ક્યારેક અશ્વત્વ ને લવાય છે।

તો પ્રથમ ભાંગામાં સ્યાદ્ અસ્તિ એવ ને ક્રિયા સંગત થયો જોઈએ & તેવું થાય તો તમારિ ઈષ્ટ અર્થ સિદ્ધ થતો નથી. Eg. જેમ નીલ સરોજ અસ્તિ એવ માં નીલ નો અભાવ કમલમાં હોવા છતાં નીલ ભવતિ એવ બોલાય છે, એટલે ક્યારેક કમલ નીલ હોય ક્યારેક શ્વેત : તેમ અહીં પણ સ્વક્ષેત્રાદિ અપેક્ષાએ ક્યારેક અસ્તિ ક્યારેક નાસ્તિ આવો અર્થ ફલિત થવાની આપત્તિ આવશે. એટલે કે, જેમ નીલં સરોજં ભવત્યેવ માં નીલત્વ ના અભાવવાળા, શ્વેત સરોજમાં માં પણ નીલં સરોજં ભવત્યેવ પ્રયોગ થાય છે (બધા કમલને આશ્રયીને વાક્ય બોલાય છે) તેમ અહીં પણ ઘટ: સ્યાદ્ અસ્તિ એવ માં ઘટ ના અભાવમાં = અસ્તિત્વના અભાવવાળા ઘટમાં પણ, ત્યારે ઘટ: સ્યાદસ્તિ એવ પ્રયોગ થવાની આપત્તિ આવશે. પણ હકીકતમાં આવું ક્યારે બનતું નથી.

જો, સિધ્ધાંતમાં ક્રિયાસંગત એવકાર પણ અયોગવ્યવચ્છેદ રૂપે સ્વીકાર્યો હોવાથી, અહીં પણ અયોગવ્યવચ્છેદક જ એવકાર છે. Eg. જ્ઞાનં અર્થં ગૃહ્ણાતિ એવ, અહીં જ્ઞાનમાં અર્થગ્રાહકત્વ નું વિધાન છે. જ્ઞાનત્વ = ઉદ્દેશ્યતા & અર્થગ્રાહકત્વ = વિધેયતા, જો ક્રિયાસંગત એવકાર નો અર્થ નીકાળીએ = અત્યંત અયોગ વ્યવચ્છેદ કરીએ તો ક્યારેક જ્ઞાન અર્થ ગ્રાહક હોય ક્યારેક નહિ. આવો અર્થ થાય છે પણ જ્ઞાન તો હંમેશા અર્થગ્રાહક જ હોય, અહીં પણ ક્રિયા સંગત એવકાર હોવા છતાં અયોગ વ્યવચ્છેદ એવકાર જ છે.

## 5મો પરિચ્છેદ:-

S. વિશેષ અન્વિત સામાન્યની વાત કરશે. — વિશેષ રહિત સામાન્ય ની વાત કરે. V.D.

B. સામાન્ય રહિત વિશેષ ની વાત કરશે. — વિશેષ અન્વિત સામાન્ય, સા. અન્વિત વિશેષ. J.

N. સામાન્ય અન્વિત વિશેષ ની વાત કરશે.

દર્શનમાં રૂચિ મૂલકતા નથી

Eg. ગૌ બોલવા માત્રથી માત્ર સામાન્ય કે વિશેષ જ નથી જણાતું. પણ સાસ્નાદિત્વાદિ આકા અન્ય ગૌ જે સમાન હોવાથી તેમાં સામાન્ય જણાય છે. & શીંગડાદિ થી વ્યાવૃત્તિ જણાય, વિશેષ પણ ત્યારે જણાય. પણ જે એકલા ક્યારેય પણ જણાતા નથી.

Q પણ સામાન્ય/વિશેષ ઉભયરૂપ વસ્તુનો સ્વીકાર કેવી રીતે કરશું?

A. જે હેતુથી કરશું? (1) વસ્તુએ અનુગત પ્રતીતિ + વિશેષ પ્રતીતિ નો વિષય હોવાથી તે સા/વિ. ઉભયરૂપ છે.

Eg. અયં ગૌ, અયં ગૌ — અનુગત પ્રતીતિ= તિર્યગ્ સામાન્ય

શ્યામલો અયં, શબલો અયં — વિશેષ પ્રતીતિ = ગુણરૂપ વિશેષ

આ અનેકાંતાત્મક વસ્તુની સિદ્ધિમાં હેતુ છે.

હેતુ 2:- વસ્તુમાં અર્થક્રિયાકારિત્વ તો બધા જ માને છે. Eg ઘટમાં જલધારણ, અથવા જ્યાં કોઈ ક્રિયા ન દેખાય ત્યાં શું? (2) પરિણતિ તે જ અર્થક્રિયા છે. અર્થક્રિયા તો જ સંભવે જો ઉર્ધ્વતા સામાન્ય માનો.

વિશેષ:- N મતે સામાન્ય = કેવળ તિર્યગ્ સામાન્ય → અનિરૂપ

J મતે સામાન્ય = તિર્યગ્ + ઉર્ધ્વતા (N ન માને).

(તિર્યગ્ ↓ ગૌત જેવો; ઉર્ધ્વતા ↓ દ્રવ્ય)

| | J | N |
|---|---|---|
| (1) | સામાન્ય નિત્ય/અનિત્ય ∴ સા/વિ. ભિન્નાભિન્ન | (1) નિત્ય (સા & વિ. એકાંતે ભેદ). |
| (2) | અવિભુ (જો વિ. અનિત્ય તો સામાન્ય પણ અ.) | (2) વિભુ |
| (3) | મૂર્ત Eg ઘટ, સુવર્ણ | (3) અમૂર્ત |
| (4) | હાથમાં/પકડમાં ન આવે તેવું નથી | (4) પકડમાં ન આવે તેવું |
| (5) | સા./વિ. એકબીજા વ. ન રહે | (5) રહી શકે |
| (6) | લોકાનુભવ પરક વ્યાખ્યા | (6) લોકાનુભવ વિરુદ્ધ વાત. |

V:- આત્મા → સામાન્ય; શરીર → વિશેષ.

N → જો સામાન્ય & વિશેષમાં એકાંતે ભેદ માનો તો શરીર & આત્મામાં પણ નિતાંત ભેદ માનશો. શરીર અલગ & આત્મા અલગ. આત્મા અલિપ્ત છે. કર્મસત્તા શરીર પ્રભાવી જ છે.

∴ શરીર ખાય-પીવે, આત્મા લેપાતો નથી → વ્યવહાર વાદ વિરુદ્ધ.

Page No.
Date

J. - સા & વિશેષ વચ્ચે ભેદાભેદ સં. માને ∴ શરીર & આત્મા ભિન્ન નથી.
શરીર મિથ્યા નથી, એનો અપલાપ ન કરી શકાય. આજ વાસ્તવવાદ છે. કોઈ પણ એ તત્ત્વની અવહેલના ન કરવી. → આત્માન્વિત શરીર કે શરીરાન્વિત આત્મા.

Q અન્ય દાર્શનિકો:- શરીર નથી મિથ્યા છે, તો ઉપવાસ કેમ કરો છો?

A. J. શરીર નો પ્રભાવ આત્મા પર પડે છે. ઉપવાસ થાય, આજ વ્યવહાર વાદ નું પોષણ.

— બે જ દર્શન B/J જે શરીર વિશે વિચાર કર્યો. શરીર કેન્દ્રિત સાધના બતાવી

J = ખાવા-પીવાની આત્મા પર અસર ∴ ઉપવાસ વિ.

B શ્વાસ ની " " " ∴ વિપશ્યન- ધ્યાન વિ. VD:- શરીર છે જ નહિ

Ch શરીર જ આત્મા N:- સમવાય સંબંધ S:- કલ્પિત તાદાત્મ્ય સંબંધ

× — × — × — × — × — × — × — × — ×